**Maarifa**
**Vol 3 Issue 1/2 ISSN – 2456-9054**

# મહિસાગર નદી પરના ડેમ – વણાકબોરી અને કડાણા

Amrutbhai R. Makwana (Tirgar)
Ph.D. Scholar, M.K. Bhavanagar University, Bhavanagar

**વણાકબોરી ડેમ -**

વણાકબોરી ડેમ બાલાસિનોર તાલુકામાં આવેલા બાલાસિનોરથી માત્ર ૧૨ કિ.મીના અંતરે આવેલ વણાંકબોરી ગામની ભાગોળમાં આ ડેમ સાઇટ આવેલ છે. જે મહિસાગર નદી ઉપર બાંધવામાં આવેલ છે. ઇ.સ.૧૯૦૦-૦૧માં દુષ્કાળ પડ્યો ત્યારે આ સરકારી યોજના બનાવવાનું વિચારવામાં આવ્યું. જેના માટે સ્થળ સેવાલિયા વિચારાયું હતુ. ઇ.સ.૧૯૦૫ થી ઇ.સ.૧૯૦૮માં આ યોજના અંગે માપણી કરવામાં આવી અને ડેમ સાઇડ વનોડા પાસે બાંધવાનું વિચારવામાં આવ્યું. જેને માટે પાલી (સેવાલિયા) પાસે પાણી માપવાનું મથક સ્થાપવામાં આવ્યું. ઇ.સ. ૧૯૦૫ થી ૧૯૨૬ સુધી પાણીના વહેણની નોંધ લેવામાં આવી. આમ ઇ.સ. ૧૯૨૫માં આ યોજના ફરી લેવામાં આવી ત્યારબાદ ઇ.સ. ૧૯૩૪માં મુંબઇ સરકારમાં નાણાભીડને કારણે મુલતવી રાખવામાં આવી.

આમ અવારનવાર આ યોજના મુલતવી રહી ત્યારબાદ મુંબઇ સરકારે બે તબક્કાની મહિ નહેર યોજના ઇ.સ. ૧૯૪૮ના ઓગષ્ટ માસમાં સ્વીકારી જેમાં 'મહિ કેનાલ ડિવિઝન' ના એક્ઝિક્યુટીવ એન્જીનિયરે આખી યોજનાની વિગતો તૈયાર કરી અને તા -૨૨/૦૫/૧૯૫૦મા રૂપિયા ૪,૨૬,૬૬,૭૨૯/- ને ખર્ચે ઉપાડવાનું મંજૂર કરવામાં આવ્યું. આ યોજનાને પ્રથમ પંચવાર્ષિક યોજનામાં સામેલ કરવામાં આવી.

આ યોજના અંતર્ગત વણાકબોરી આગળ આડોબંધ બાંધવો અને ત્યાંથી વહેરાખાડી સુધી ૪૪ માઇલ ૧૫ થી ૫૦ ફુટ ઉંડી મુખ્ય નહેર બાંધવી તેમાંથી બે શાખા (૧) નડિયાદ શાખા (૨) પેટલાદ શાખા કરી. પ્રથમ શાખા આશરે ૩૭ માઇલ અને બીજી શાખા ૩૯ માઇલની નક્કી થઇ. પ્રથમ તબક્કાની નહેરોથી ઠાસરા, આણંદ, નડિયાદ, પેટલાદ અને બોરસદ તાલુકાના ૨.૫૦ લાખ એકર જમીનને લાભ મળ્યો અને બીજા તબક્કમાં બાકીના તાલુકાઓમાં ૯ લાખ એકર જમીનને લાભ મળ્યો.

વણાકબોરી ડેમ ઉપર હાલના સમયમાં વિજળી ઉત્પાદનનું કાર્ય પણ ચાલું છે. ડેમના પાછળના ભાગમાં ખુબ જ મોટું સરોવર આવેલ છે. જો સરકાર ધ્વારા ત્યાં બોટીંગની વ્યવસ્થા

**Vol 3 Issue 1/2 ISSN – 2456-9054**

કરવામાં આવે તો આ સ્થળ પીકનીક પોઇન્ટ બની શકે તેમ છે. અને વધુ ને વધુ સહેલાણીઓ અહિયા આવી શકે છે. આમ કુદરતી સૌંદર્યનો નજારો અહિંયા આહ્લાદ્ક લાગે છે. આ ડેમમાં સાત રેડીયલ દરવાજા છે. મુખ્ય કેનાલની લંબાઇ ૭૩.૬૦ કિ.મી છે. જળ સંગ્રહ ૭૦૦૦ ક્યુસેક છે ડેમમાંથી ૬ બ્રાન્ચ કેનાલ નીકળે છે. તેની લંબાઇ ૨૨૩.૬૦ કિ.મી અને પેટા કેનાલ ૩૯ જેની લંબાઇ ૪૧૫ કિ.મી, માઇનોર કેનાલ લંબાઇ ૧૯.૪૭ કિ.મી. આમ કુલ હાલના તબક્કે કેનાલ લંબાઇ ૨૫૮૫.૬૦ કિ.મી છે.

**કડાણા ડેમ -**

મહિસાગર નદી ઉપર કડાણા ગામ પાસે આ ડેમ બનાવવામાં આવેલ છે. બે ડુંગરની વચ્ચે આ ડેમ બાંધીને ત્યાં ૨૧ દરવાજા મૂકવામાં આવ્યા છે. અહિયા હાઇડ્રોપાવર સ્ટેશન પણ બાંધવામાં આવ્યું છે.જેમાં ૨૪૦ મેગાવોટ વીજ જનરેશન શક્તિ રહેલી છે. મહિસાગર નદીની લંબાઇ ૩૬૨ માઇલની (૫૮૨ કિ.મી) છે. જેમાં મધ્યપ્રદેશમાં ૧૦૪ માઇલ (૧૬૭ કિ.મી) રાજસ્થાન ૧૦૮ માઇલ (૧૭૩ કિ.મી) અને ગુજરાતમાં ૧૫૦ માઇલ (૨૪૧ કિ.મી) ની છે. વનરાજી અને પ્રકૃતિના અફાટ સૌંદર્ય અને જળસંગ્રહ થકી નીર સૌંદર્યનો આ અદભૂત નજારો જોવા મળે છે. આ જળાશય ઇ.સ. ૧૯૭૯માં બંધાયો હતો. કડાણા જળાશયમાંથી સુજલામ સુફલામ સ્પ્રેડીંગ નહેર ધ્વારા સાત જિલ્લાને લાભ આપવામાં આવે છે. આ નહેરની લંબાઇ ૩૩૨.૦૯૫ કિ.મી છે. બીજી નહેર યોજના એટલે ડાબા કાંઠા નહેર જેની લંબાઇ ૪૨ કિ.મી છે. જેના પાણી કડાણા, સંતરામપુર અને લુણાવાડાના ગામોને લાભ થાય છે. ત્રીજી નહેર યોજના જમણા કાંઠા નહેર જે બે તાલુકા કડાણા અને ખાનપુર તાલુકાને લાભ થાય છે. આમ અલગ નહેર યોજના ધ્વારા ઘણા બધા વિસ્તારને પિયત કરવામાં આવે છે.

આ ડેમની સાઇટ ઉપર જેઇએ તો સરસ મજાની વનરાજી અને કુદરતી સૌંદર્યનો નજારો માણવા મળે છે. અહિયાથી દેખાતો વિપુલ જળરાશી અને ડુંગરો જોઇને મન ખુબ જ પ્રભાવીત થઇ જાય છે.

**સંદર્ભ સૂચી:**

1. મનમોહક મહિસાગર-જિલ્લા વહીવટી તંત્ર – લુણાવાડા - ૨૦૦૫
2. ઝાંખી પંચમહાલ જિલ્લા -૨૦૦૫ ગાંધીનગર
3. સ્થાનિક સમાચાર પત્ર